# લોકશાહી વિશે જાગૃતિ અંગે એક તુલનાત્મક અભ્યાસ

પંકજ ચૌધરી

**સારાંશ**

ભારત વિશ્વની સવા એક બિલિયન વસ્તીની આશરે છઠ્ઠા ભાગની વસ્તી સાથે વિશ્વનો બીજો ક્રમ ધરાવતો દેશ છે. તેમજ વિસ્તારની રીતે જોતાં તે સાતમા ક્રમે છે. ભારતની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ ગણાય છે. તે દુનિયાની સૌથી પ્રાચીન સભ્યતાનો  દેશ હોવા છતાં એક યુવાન દેશ પણ છે. અંહી દર પાંચ વર્ષે સંસદની ચૂંટણી યોજાય છે. હાલમાં ડૉ. મનમોહનસિંહ સૌથી વધારે સાંસદોના ટેકા સાથે દેશના વડાપ્રધાન છે જ્યારે પ્રણવ મુખરજી દેશના રાષ્ટ્રપ્રમુખનું સ્થાન શોભાવે છે. ભારત બંધારણીય રીતે એક પ્રજાસત્તક દેશ છે જેનો વહીવટ દુનિયાના સૌથી લાંબા લેખિત બંધારણ અનુસાર થાય છે. ભારત દેશ 28 રાજ્યો અને 7 કેંદ્રસાશિત પ્રદેશો ધરાવે છે. નવી દિલ્હી દેશની રાજધાની છે. દેશમાં મુખ્ય ત્રણ રાજકીય પક્ષો અસ્તિત્વમાં છે: કોંગ્રેસ, ભારતીય જનતા પક્ષ અને સમાજવાદી પક્ષ. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકનો આશય એફ. વાય. બી. એ. અને ટી. વાય. બી. એ.ના વિદ્યાર્થીઓમાં દેશની લોકશાહી અંગેની જાગૃતિનો અભ્યાસ છે. સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સંશોધક દ્વારા એક પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. માહિતી એકત્રીકરણ માટેનો નિદર્શ યાદચ્છીક રીતે પસંદ કરવામાં આવેલ. ‘t’ ટેસ્ટ સૂત્ર દ્વારા વર્ગીકૃત માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. શૂન્ય ઉત્કલ્પનાના ચલો વચ્ચે સાર્થક તફાવતની ચકાસણી 0.01 કક્ષાએ અને 0.05 કક્ષાએ કરવામાં આવી હતી.

## 1. પ્રસ્તાવના

લોકાશાહીમાં નાગરિક પાસે એક ચોક્કસ કક્ષાની ક્ષમતા અને ચરિત્ર જેમ કે તર્કસંગત વ્યવહાર, જાહેર ઘટનાઓ અંગેની બુધ્ધિપૂર્વક્ની સમજણ, જાહેર હિતમાં મુક્ત ન્યાય અને સ્વાર્થવિહિન સમર્પણની રહેલી હોય છે. લોકોએ કોમવાદ, ભાગલાવાદ, જ્ઞાતિવાદ, આતંકવાદ વગેરેને માથુ ઉંચકવા દેવુ જોઈએ નહીં. કારણ કે તે લોકશાહી માટે જોખમરૂપ છે. ક્ષમતાવાન યુવકોને રાજકિય રીતે કેળવવા જોઈએ જેથી કરીને તેઓ આવતીકાલના અસરકારક નેતા બની શકે.

રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે એકંદરે સરકારે, સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમજ લોકોએ સાથે મળીને પ્રયત્ન કરવા જોઈએ. પરિવર્તન શાંતિપૂર્ણ, લોકશાહી અને બંધારણીય રીતે માન્ય એવા માર્ગ થકી આવવું જોઈએ.

## 2. હેતુઓ

(1) એફ. વાય. બી. એ. અને ટી. વાય. બી. એ. કોલેજના વિદ્યાર્થીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણનો અભ્યાસ કરવો.

(2) એફ. વાય. બી. એ. અને ટી. વાય. બી. એ. કોલેજના છોકરાઓ અને છોકરીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણની સરખામણી કરવી.

**3. ઉત્કલ્પનાઓ**

(1) એફ. વાય. બી. એ. અને ટી. વાય. બી. એ. કોલેજના વિદ્યાર્થીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(2) એફ. વાય. બી. એ. કોલેજના છોકરાઓ અને છોકરીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

(3) ટી. વાય. બી. એ. કોલેજના છોકરાઓ અને છોકરીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**4. પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ વર્ણનાત્મક સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

**5. નિદર્શ**

એફ. વાય. બી. એ. અને ટી. વાય. બી. એ. કોલેજના કુલ વિદ્યાર્થીઓમાંથી 30 - 30 વિદ્યાર્થીઓ દરેક વિદ્યાશાખામાંથી યાદચ્છીક રીતે પસંદ કરવામાં આવેલ. આ રીતે, કુલ 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવેલ. પ્રત્યેક વિદ્યાશાખાના 30 વિદ્યાર્થીઓમાં 15 છોકરીઓનો સમાવેશ થયેલો હતો.

**6. પ્રસ્તુત અભ્યાસનું ઉપકરણ**

વિદ્યાર્થીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણનો અભ્યાસ કરવા માટે એક પ્રશ્નાવલિ રચવામાં આવી હતી. તે પ્રશ્નાવલિમાં કુલ 20 વિધાનો હતા જેમાંથી 8 વિધાનો નકાર અને બાકીના હકાર વિધાનો હતા.

**7. આંકડાશાસ્ત્રીય ગણતરી**

પ્રમાણભૂત પ્રાપ્તાંકો જેવા કે મધ્યક, મધ્યસ્થ અને પ્રમાણ વિચલન (SD) વગેરેની ગણતરી અને પૃથ્થકરણ કોમ્પ્યૂટરના MS Excel Software દ્વારા કરવામાં આવી હતી. ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ સૂત્ર દ્વારા કરવામાં આવી હતી.

**8. માહિતી એકત્રીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણ અંગેની માહિતી એકત્રીત કરવા માટે તેમને અભ્યાસના હેતુઓથી માહિતગાર કર્યા બાદ કોઈપણ પૂર્વગ્રહ રાખ્યા વિના, ઉપકરણનો ઉપયોગ કરીને પ્રતિભાવ આપવાનું કહેવામાં આવ્યું હતું. આ રીતે માહિતી એકત્રીત કર્યા બાદ આગળની ગણતરી માટે તૈયારી કરવામાં આવી હતી.

**9. માહિતી પૃથ્થકરણ**

વિદ્યાર્થીઓમાં લોકશાહી અંગેની જાગૃતિનો અભ્યાસ કરવા માટે સંશોધક દ્વારા વિદ્યાર્થીઓને સ્વરચિત પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. માહિતી એકત્રીકરણ બાદ, યોગ્ય યોજના અનુસાર મળેલ પ્રતિભાવોને ગુણમાં રૂપાંતરીત કરીને આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું હતું. આવૃત્તિ વિતરણના આધારે સંશોધક દ્વારા મધ્યક, મધ્યસ્થ

અને પ્રમાણ વિચલન (SD) ની ગણતરી કરવામાં આવી હતી. ઉત્કલ્પનાઓની ચકાસણી 't' સૂત્ર દ્વારા કરવામાં આવી હતી.

સારણી 1

માહિતી પૃથ્થકરણનો સાર

| વિદ્યાશાખા | અભ્યાસના ચલ | નિદર્શ | મધ્યક (M) | પ્રમાણ વિચલન(SD) | 't' મૂલ્ય (C.R.) | સાર્થક/ સાર્થક નથી |
|---|---|---|---|---|---|---|
| બન્ને | એફ. વાય. બી. એ.<br>ટી. વાય. બી. એ. | 30<br>30 | 23.10<br>20.58 | 19.29<br>15.98 | 4.84 | સાર્થક |
| એફ. વાય. બી. એ. | છોકરાઓ<br>છોકરીઓ | 15<br>15 | 32.64<br>29.78 | 29.87<br>23.88 | 0.83 | સાર્થક નથી |
| ટી. વાય. બી. એ. | છોકરાઓ<br>છોકરીઓ | 15<br>15 | 22.36<br>26.54 | 19.35<br>22.77 | 3.64 | સાર્થક |

**10. ઉત્કલ્પનાની ચકાસણી અને તારણો**

1. એફ. વાય. બી. એ. અને ટી. વાય. બી. એ. કોલેજના વિદ્યાર્થીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો. એટલે કે એફ. વાય. બી. એ.ના વિદ્યાર્થીઓ ટી. વાય. બી. એ.ના વિદ્યાર્થીઓ કરતાં લોકશાહી અંગે વધુ જાગૃત છે.
2. એફ. વાય. બી. એ. કોલેજના છોકરાઓ અને છોકરીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો.
3. ટી. વાય. બી. એ. કોલેજના છોકરાઓ અને છોકરીઓમાં લોકશાહી અંગેની જાગૃતિના પ્રમાણની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો નહિ.

**સંદર્ભ**

1. બ્રોસ, ડબલ્યુ. આર. (1983) એમ. ડી. ગલ, એજ્યુકેશનલ રીસર્ચ ઈન્ટ્રોડક્સન, (ચોથી આવૃત્તિ).
2. બુચ, એમ. બી. (1991). ફોર્થ સર્વે ઓફ રીસર્ચ ઈન એજ્યુકેશન. ન્યુ દિલ્હી: એન.સી.ઈ.આર.ટી.
3. કોલ, એલ. (1998). મેથોડોલોજી ઓફ એજ્યુકેશનલ રીસર્ચ, દિલ્હી: વિકાસ પબ્લિશીંગ હાઉસ પ્રાઇવેટ લિમિટેડ.
4. મૌલી, જી. જે., (1964). ધ સાયન્સ ઓફ એજ્યુકેશનલ રીસર્ચ, (ન્યુ દિલ્હી: ઉરેશી પબ્લિશીંગ હાઉસ)